★ નીચે આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરો. (પ્રત્યેકના ૧ ગુણ) (૫૦૦)

(1) નીચેનામાંથી કઈ પ્રક્રિયા માટે $\frac{K_{320}}{K_{300}}$ મહત્તમ થાય (જ્યાં K = વેગ અચળાંક)
(a) $A + B \rightarrow C$ $\varepsilon_a = 40$ kJ (b) $P + Q \rightarrow R$ $\varepsilon_a = 50$ kJ (c) $W + Z \rightarrow X$ $\varepsilon_a = 100$ kJ (d) $C + D \rightarrow E$ $\varepsilon_a = 60$ kJ

(2) ઈથાઈલ એમાઈનને ક્લોરોફોર્મ અને આલ્કોહોલીક KOH ના મિશ્રણ સાથે ગરમ કરવાથી કઈ નીપજ પ્રાપ્ત થાય છે **[AIEEE–2002]**
(a) એમાઈડ (b) નાઈટ્રો
(c) ઈથાઈલ આયસોસાયનાઈડ (d) એરાઈલ એમાઈન

(3) વિશિષ્ટ પરિભ્રમણ કોણનું સાચું સૂત્ર નીચે પૈકી ક્યું છે?
(a) $[\alpha]_\lambda^T = \frac{l \times c}{\alpha}$ (b) $[\alpha]_\lambda^T = \frac{\alpha \times l}{c}$ (c) $[\alpha]_\lambda^T = \frac{\alpha}{l \times c}$ (d) $[\alpha]_\lambda^T = \frac{\alpha \times c}{\lambda}$

(4) ક્લોરોફોર્મ સંયોજન ક્યા પ્રકારનું હેલાઇડ છે?
(a) જેમિનલ ડાયહેલાઇડ (b) પોલિહેલાઇડ (c) વિનાઇલ હેલાઇડ (d) CFC

(5) આલ્કોહોલ અને ઈથરનું સામાન્ય સૂત્ર ........ છે.
(a) $C_nH_{3n}O$ (b) $C_nH_nO$ (c) $C_nH_{2n-1}O$ (d) $C_nH_{2n+2}O$

(6) ઈથાઈલ આલ્કોહોલની $P/Br_2$ સાથે પ્રક્રિયા કરતાં ......... મળે છે.
(a) ઈથાઈલ બ્રોમાઈડ (b) $H_3PO_3$
(c) ઈથાઈલ બ્રોમાઈડ અને $H_3PO_3$ (d) ત્રણમાંથી એકેય નહિ

(7) પ્રોટીનનું ઉત્સેચકની હાજરીમાં જળવિભાજન કરવાથી શું મળે? **[CEE MP–1994]**
(a) હાઇડ્રોક્સિ એસિડ (b) ડાયકાર્બોક્સિલિક એસિડ
(c) એમિનો એસિડ (d) એરોમેટિક એસિડ

(8) એમાઈન સંયોજનોનું વર્ગીકરણ નીચેનામાંથી કઈ બાબતને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે?
(a) નાઈટ્રોજન સાથે જોડાયેલા આલ્કાઈલ અથવા એરાઈલ સમૂહને આધારે.
(b) એમિનો સમૂહ સાથે જોડાયેલાં આલ્કાઈલ અને એરાઈલ સમૂહને આધારે.
(c) આલ્કાઈલ અને એરાઈલ સમૂહની પ્રકૃતિને આધારે.
(d) ઉત્કલનબિંદુ અને ગલનબિંદુને આધારે.

(9) ઇથાઇલ મેગ્નેશિયમ બ્રોમાઇડના જળવિભાજનથી નીચે પૈકી શું મળે છે? **[ઓક્ટોબર–2014]**
(a) $CH_2 = CH_2$ (b) $CH_3 - CH_3$ (c) $C_4H_{10}$ (d) $CH_3 \cdot CH_2 - CH = CH_2$

(10) નીચે પૈકી કયો પદાર્થ પરફ્યુમ ઉદ્યોગમાં સુગંધીકારક તરીકે ઉપયોગી છે? **[Guj CET–2013]**
(a) એસિટાલ્ડિહાઈડ (b) બેન્ઝાલ્ડિહાઈડ (c) ફોર્માલ્ડિહાઈડ (d) એસિટોન

(11) નાયલોન–6 માં કયો મોનોમર વપરાય છે?
(a) એડિપિક એસિડ (b) હેક્ઝામિથિલીન ડાયએમાઈન
(c) કેપ્રોલેક્ટમ (d) આઈસોપ્રિન

(12) વધુ નાઇટ્રોજન ધરાવતા વિષમ ચક્રિય સંયોજનો ઉત્સેકો જીવિત પ્રણાલીમાં........ **[CEET Har–1996]**
(a) શક્તિ પૂરી પાડે છે. (b) ઓક્સિજનનું વહન કરે છે.
(c) જૈવ રાસાયણિક પ્રક્રિયાઓ ઉદ્દીપિત કરે છે. (d) કશું કરતાં નથી.

(13) $C_6H_5Cl + :\overline{C}N \xrightarrow[\text{473K ઊંચા દબાણે}]{NaCN + Cu_2(CN)_2} (?) + \overline{Cl}$ કઇ નીપજ બનશે?
(a) $C_6H_5 - C \equiv N$ (b) $C_6H_5 - N^+ \equiv \overline{C}$ (c) $C_6H_5 - N^+ - C_6H_5$ (d) $C_6H_5 - NH_2$

(14) નીચેનામાંથી કયું ઈથર ઓરડાના તાપમાને પ્રવાહી હોય છે? **[PUNA–2002]**
(a) $CH_3–O–CH_3$ (b) $C_2H_5–O–C_2H_5$ (c) $CH_3–O–C_2H_5$ (d) એક પણ નહીં

(15) લિથિયમ bcc બંધારણ ધરાવે છે. તેની ઘનતા 530 $kgm^{-3}$ અને પરમણ્વિય દળ 6.94 ગ્રામ મોલ$^{-1}$ હોય તો લિથિયમના એકમકોષની ધારીની લંબાઈ કેટલી થશે? **[NEET–2016]**
(a) 264 pm (b) 154 pm (c) 352 pm (d) 527 pm

(16) નીચે પૈકી કઇ શર્કરા મ્યુટારોટેશનની ઘટના અનુભવતી નથી? **[CBSE PMT–2010]**

(a) (+) સુક્રોઝ (b) (+) લેક્ટોઝ (c) (+) મોલ્ટોઝ (d) (–) ફ્રુક્ટોઝ

**(17)** બ્યુટાઇલ રબરનો મોનોમર ઘટક કયો છે?

(a) બ્યુટાડાઇન (b) બ્યુટિલીન (c) આઇસો બ્યુટિલીન (d) આઇસોપ્રીન

**(18)** આલ્ડિહાઇડ શુષ્ક HCl ની હાજરીમાં આલ્કોહોલ સાથે સંયોજાઇને કઇ નીપજ આપે છે?

(a) આલ્ડોલ (b) એસિટાલ (c) કેટાલ (d) કિટોલ

**(19)** નીચેનામાંથી કયું લિગેન્ડ સૌથી વધુ સંખ્યાના સવર્ગ દાતા પરમાણુઓ ધરાવે છે?

(a) dmg (b) dien (c) edta (d) acac

**(20)** નીચે આપેલા આલેખનાં સંદર્ભમાં UR – QV = (?)




(a) (SU – VW) QU (b) VU(VW – QY) (c) (VW – QY)QU (d) VW(QV – VU)

**(21)** કિટોનના રિડક્શનથી .......... મળે છે. **[ઓક્ટોબર – 2012]**

(a) $2^o$ આલ્કોહોલ (b) $1^o$ આલ્કોહોલ (c) $3^o$ આલ્કોહોલ (d) આપેલમાંથી કોઈ પણ

**(22)** ન્યુક્લિઓસાઇડ એટલે.........

(a) બેઇઝ + એસિડ (b) બેઇઝ + શર્કરા (c) બેઇઝ + ફોસ્ફેટ (d) બેઇઝ + લિપિડ

**(23)** ગ્લુકોઝ અણુની ફિનાઇલ હાઇડ્રેઝીનના X અણુઓ સાથેની પ્રક્રિયાથી ઓસેઝોન નીપજ બને છે, તો X નું મૂલ્ય શું હશે? **[CBSE PMT–1998]**

(a) એક (b) બે (c) ત્રણ (d) ચાર

**(24)** ઇથેન–1, 2 ડાયોલનો કયો ગુણધર્મ સાચો નથી? **[Guj HSC March–2010]**

(a) તેનું ઉત્કલનબિંદુ ઇથેનોલ કરતાં ઊંચું છે. (b) ટેરીલીન પોલિમર માટેનો મોનોમર છે.

(c) તે પાણીમાં અદ્રાવ્ય છે. (d) તે રંગવિહિન અને ચાસણી જેવું પ્રવાહી છે.

**(25)** એક પ્રક્રિયા $A \xrightarrow{[H^+]} B$ નો અભ્યાસ એસિડીક માધ્યમ જેનો pH = 4 હોય ત્યારે અર્ધઆયુષ્ય સમય પ્રક્રિયા A ની શરૂઆતની સાંદ્રતાથી સ્વતંત્ર રહે છે. જ્યારે આ જ પ્રક્રિયાનો અભ્યાસ pH = 5 મૂલ્ય માટે કરતાં અર્ધઆયુષ્ય સમય pH = 4 કરતા $\frac{1}{10}$ ગણો થાય છે. તો વેગ માટે ક્યું યોગ્ય છે?

(a) વેગ = $K [A] [H^+]$ (b) વેગ = $K [A]^0 [H^+]$ (c) વેગ = $K [A] [H^+]^0$ (d) વેગ = $K [A]^2 [H^+]$

**(26)** નોવોલેક કેવા પ્રકારનો પોલિમર ગણી શકાય?

(a) રેખીય (b) શાખીય (c) મિશ્રબંધિત (d) (a) અને (b)

**(27)** નીચેના પૈકી કયા સંયોજનનું ઓક્સિડેશન થતું નથી?

(a) આલ્કોહોલ (b) આલ્ડિહાઇડ (c) કિટોન (d) કાર્બોક્સિલિક એસિડ

**(28)** $Zn/Zn^{2+} // Cu^{2+}/Cu$ કોષમાં $E_{cell} – E^o_{cell} = 0.059$ છે. તો 298 K તાપમાને $C_1/C_2$ નો ગુણોત્તર કેટલો થશે?

(a) 2 (b) 100 (c) $10^{-2}$ (d) 1

**(29)** નીચેનામાંથી કયું સંયોજનનું રિડક્શન કરવાથી પ્રાથમિક એમાઇન બને છે? **[MP PMT–1995]**

(a) $CH_3CH_2–NO_2$ (b) $CH_3CH_2\text{-}C \equiv N$ (c) $C_6H_5N{=}N.Cl$ (d) (a) અને (b) બંને

**(30)** પ્રોટીનના જળવિભાજનની છેલ્લી નીપજ કઇ છે? **[UP SEAT–2001]**

(a) પોલિપેપ્ટાઇડ (b) DNA (c) એમિનો એસિડ (d) પેપ્ટોન

**(31)** નીચેનામાંથી ક્યો સૌથી પ્રબળ એસિડ છે? **[NEET–2013]**

(a) $H_2SO_3$ (b) $H_2SO_4$ (c) $HClO_3$ (d) $HClO_4$

**(32)** આલ્કેન નાઇટ્રાઇલનું રિડક્શન ..... આપે છે.

(a) દ્વિતીયક એમાઇન (b) પ્રાથમિક એમાઇન (c) તૃતીયક એમાઇન (d) કોઇ પણ પ્રકારનો એમાઇન

**(33)** ક્લોરોબેન્ઝિનની ઇથાઇલ ક્લોરાઇડ સાથે Na ધાતુની હાજરીમાં પ્રક્રિયાથી કઇ નીપજ બને છે?

(a) ટોલ્યુઇન (b) ઇથાઇલ બેન્ઝિન (c) બેન્ઝિન (d) સ્ટાયરીન

**(34)** ભારદર્શક સરેરાશ આણ્વિયદળ શોધવા માટેનું સૂત્ર કયું છે?

(a) $\overline{M}_w = \dfrac{\sum_{i=1}^{\infty} N_i^2 M_i}{\sum_{i=1}^{\infty} N_i M_i}$ (b) $\overline{M}_w = \dfrac{\sum_{i=1}^{\infty} N_i M_i^2}{\sum_{i=1}^{\infty} N_i M_i}$ (c) $\overline{M}_w = \dfrac{\sum_{i=1}^{\infty} N_i M_i}{\sum_{i=1}^{\infty} N_i}$ (d) $\overline{M}_w = \dfrac{\sum_{i=1}^{\infty} N_i M_i}{\sum_{i=1}^{\infty} N_i^2}$

**(35)** નીચે પૈકી કઇ ખનીજના સંકેન્દ્રણ માટે ફીણપ્લવન પદ્ધતિ વપરાય છે? **[JEE–2016]**
(a) મેલેકાઇટ (b) મેગ્નેટાઇડ (c) સિડેરાઇટ (d) ગેલિના

**(36)** મિથાઇલઆયોડાઇડની વુર્ટ્ઝ પ્રક્રિયાથી કઇ નીપજ મળશે? [**ઓક્ટોબર–**2015]
(a) ઇથેન (b) મિથેન (c) પ્રોપેન (d) બ્યુટેન

**(37)** નીચેનામાંથી ફિનોલ મેળવવાની પદ્ધતિ કઈ નથી?
(a) સોડિયમ બેન્ઝિન સલ્ફોનેટમાંથી (b) ક્યુમિન પદ્ધતિ
(c) કોલ્બે પદ્ધતિ (d) ડાઉ પદ્ધતિ

**(38)** પોલિવિનાઈલ આલ્કોહોલ કઈ રીતે મેળવવામાં આવે છે? **[UP SEAT–2001]**
(a) પોલિવિનાઈલ એસિટેટનું બેઝિક માધ્યમમાં જળવિભાજન કરીને
(b) એસિટિલિનનું બહુલીકરણ કરીને
(c) વિનાઈલ આલ્કોહોલનું પોલિમરાઈઝેશન કરીને
(d) $H_2SO_4$ અને $HgSO_4$ ની હાજરીમાં એસિટિલિનનું જળવિભાજન કરીને

**(39)** નીચેનામાંથી ઓક્સિડેશન $Na_2Cr_2O_7 / H_2SO_4$ વડે થઈ શકતું નથી?
(a) $R-CH_2OH$ (b) $R-CH(OH)-R'$ (c) $R-C(R')(R'')-OH$ (d) ઉપરોક્ત બધા જ

**(40)** ક્યો પોલિમર યોગશીલ પોલિમર છે?
(a) ટેરેલિન (b) પોલિસ્ટાયરિન (c) ઈલેસ્ટોમર (d) બેકેલાઇટ

**(41)** 

પ્રક્રિયામાં મુખ્ય નીપજ કઈ મળે છે? **[AIPMT–2005]**




**(42)** એક વ્યક્તિને માનસિક તણાવ હોવાથી ઊંઘ આવતી નથી; તો ડોક્ટર નીચેના પૈકી ક્યા પ્રકારનું ઔષધ આપશે .. [**માર્ચ–2014**]
(a) પ્રતિસૂક્ષ્મ જીવી (b) પ્રશાંતક (c) વેદનાહર (d) સંક્રમણ હારક

**(43)** નીચેનામાંથી તૃતીયક એમાઈન ક્યો છે?
(a) $CH_3–NH–CH_2CH_3$ (b) $CH_3CH_2–CH–CH_3$
(c) $CH_3CH_2–NH–CH_2CH_3$ (d) $(CH_3)_2–N–CH_2CH_3$

**(44)** ટેફ્લોનની બનાવટમાં ક્યો ઉદ્દીપક ઉપયોગી છે?
(a) પરક્લોરેટ (b) પરસલ્ફેટ (c) પરમેંગેનેટ (d) ઝીગ્લર નાટા

**(45)** પ્રતિહિસ્ટામાઈન ઔષધો ક્યા રોગ માટે વપરાય છે?
(a) શરીરના વેદના દૂર કરવા
(b) એલર્જી દૂર કરવા
(c) ઘાને નુકસાન પહોંચાડનાર સૂક્ષ્મજીવોનો નાશ કરવા
(d) a અને c બંને

**(46)** બેકેલાઈટ, રેઝિન અને પોલિમરની બનાવટમાં કયું સંયોજન ઉપયોગી છે?
(a) HCOOH (b) $CH_3–COOH$ (c) HCHO (d) $CH_3–CO–CH_3$

**(47)** કયું બંધારણીય સૂત્ર o–ક્રેસોલનું છે?

(a)  (b) 

(c)  (d) 

**(48)** *નીચેના પૈકી મેલેમાઈનના મોનોમરનું બંધારણ કયું છે?*

(a)  (b) 

(c)  (d) 

**(49)** *વિનાઇલ ક્લોરાઇડમાં કેટલાં* $\sigma$ *અને* $\pi$ *બંધ હોય છે?* **[ઓક્ટોબર–2012]**

(a) $5\sigma$ *અને* $1\pi$ (b) $4\sigma$ *અને* $2\pi$ (c) $5\sigma$ *અને* $2\pi$ (d) $4\sigma$ *અને* $1\pi$

**(50)** *નાયલોન–66 ની બનાવટમાં નીચેનામાંથી કયા બે મોનોમર વપરાય છે?*

(a) *હેક્ઝામિથિલીન ડાયએમાઈન અને ઈથીલિન ગ્લાયકોલ* (b) *એડિપિક એસિડ અને હેક્ઝામિથિલીન ડાયએમાઈન*

(c) *ડાયઈથાઈલ ટરપ્થેલેટ અને ઈથિલીન ગ્લાયકોલ* (d) *એડિપિક એસિડ અને ઈથિલીન ગ્લાયકોલ*

**(51)** *નીચેના પૈકી કયું પોલિમર સંપૂર્ણપણે ફ્લોરિનેટીંગ પોલિમર છે?* **[AIEEE–2005]**

(a) PVC (b) PAN (c) PLA (d) PTFE

**(52)** *મોનોમર વચ્ચેની કઈ પ્રક્રિયાથી પોલિમર બને છે?* **[AIEEE 2002]**

(a) *મોનોમર વચ્ચેની સંઘનન પ્રક્રિયા થવાથી* (b) *મોનોમર વચ્ચે સવર્ગસ્થળની પ્રક્રિયા થવાથી*

(c) *પ્રોટોન દ્વારા મોનોમરમાંથી મોનોમરમાં રૂપાતંર થવાથી* (d) *મોનોમરની જળવિભાજનની પ્રક્રિયા થવાથી*

**(53)** $X + 2HI \xrightarrow[\Delta]{\text{રિડક્શન લાલ P}} CH_3\text{-}CH_3 + I_2 + H_3O$ *પ્રક્રિયામાં* X *પ્રક્રિયક કયો છે?*

(a) $CH_3 - OH$ (b) $CH_3\,CH_2 - OH$ (c) $CH_4$ (d) $CH_3 - CHO$

**(54)** *નીચેનામાંથી કયું સંયોજન ઈથર છે?*

(a) $H_2C = CH - CH_2 - OH$ (b) $HC \equiv C \cdot CH_2 - O \cdot CH_3$

(c) $HC \equiv C \cdot CH_2 \cdot OH$ (d) $CH_3CO - O - COCH_3$

**(55)** DDT *ના અણુમાં* $\sigma$*–બંધની સંખ્યા અને અબંધકારક ઇલેક્ટ્રોનયુગ્મોની સંખ્યા કેટલી છે?*

(a) 29, 15 (b) 27, 18 (c) 22, 18 (d) 32, 16

**(56)** *સાચો વિકલ્પ પસંદ કરો: (*T = *સાચું અને* F = *ખોટું)*

(1) *ક્રોસની પદ્ધતિ ટિટેનિયમ* (Ti) *ધાતુના નિષ્કર્ષણ માટે વપરાય છે.*

(2) *રેડ બોક્સાઇટમાં મુખ્ય અશુદ્ધિ તરીકે ફેરિક ઓક્સાઇડ હોય છે.*

(3) *ફેરસ ટંગસ્ટેટ* ($FeWO_4$) *ને* Wolframite *તરીકે ઓળખવામાં આવે છે જે ચુંબકીય ગુણ ધરાવે છે.*

(4) *સાયનાઇડ પદ્ધતિ બેરિયમ અને બોરોનનાં નિષ્કર્ષણ માટે વપરાય છે.*

(5) *ઝિંક ધાતુના શુદ્ધીકરણ માટે ઝોન રિફાઇનિંગ પદ્ધતિ વપરાય છે.*

(a) TTTFT (b) TTTFF (c) TTFFT (d) TFTFF

**(57)** *કયા પ્રકારની ક્ષતિમાં (ખામીમાં) આંતરાલીય સ્થાનમાં ધનાયન(કેટાયન) ની હાજરી હોય છે* **[JEE–2018]**

(a) *ફ્રેન્કલ ક્ષતિ* (b) *ધાતુ ઊણપ ક્ષતિ* (c) *શોટ્કી ક્ષતિ* (d) *અવકાશ ક્ષતિ*

**(58)** *શરીરમાં હિસ્ટામાઈન ઉદ્ભવવાથી કઈ મુશ્કેલીઓ સર્જાય છે?*

(a) *શરદી થવી* (b) *ચામડી લાલ થવી* (c) *ખંજવાળ આવવી* (d) *આપેલ બધાં જ*

**(59)** 5 ml 1 N HCl; 20 ml N/2 $H_2SO_4$ *અને* 30 ml N/3 $HNO_3$ *ને મિશ્ર કરીને કુલ કદ* 1 *લિટર કરવામાં આવે તો આ બનતાં મિશ્રણની નોર્માલિટી કેટલી થશે?*

(a) $N/30$ (b) $N/10$ (c) $N/20$ (d) $N/40$

**(60)** શરદી (Cold) સામે રક્ષણ મેળવવા માટે કયા સંયોજનનુ તેલ વાપરી શકાશે? **[MP PMT–1998]**

(a) મિથાઈલ સેલિસિલેટ (b) ઈથાઈલ સેલિસિલેટ (c) ફિનાઈલ સેલિસિલેટ (d) ફિનાઈલ બેન્ઝોએટ

**(61)** $NaNO_2 + HCl$ ની એનિલીન સાથેની પ્રક્રિયાથી કઈ નીપજ મળે છે?

(a) ફિનોલ (b) બેન્ઝિન ડાયઝોનિયમ ક્લોરાઈડ

(c) ફિનાઈલ આઈસો સાયનાઈડ (d) એક પણ નહીં

**(62)** નીચેના પૈકી કયા એકનો રંગ પીળો નથી? **[JEE–2015]**

(a) $Zn_2[Fe(CN)_6]$ (b) $K_3[Co(NO_2)_6]$

(c) $(NH_4)_3 [As(Mo_3O_{10})_4]$ (d) $BaCrO_4$

**(63)** ફોર્માલિનનો ઉપયોગ કયો છે?

(a) એન્ટિબાયોટિક તરીકે (b) ચેપનાશક તરીકે (c) એન્ટિમેલેરિયલ તરીકે (d) શિતક તરીકે

**(64)** ક્લોરોબેન્ઝિન $+2NH_3 \xrightarrow[\text{473K, 60 બાર}]{[Cu_2O]} B \xrightarrow[\text{3KOH}]{CHCl_3+} C$ તો C = (?) **[માર્ચ–2013]**

(a) ફિનાઈલ આયસોસાયનાઈડ (b) બેન્ઝિન નાઈટ્રાઈલ

(c) ફિનાઈલ સાયનાઈડ (d) નાઈટ્રો બેન્ઝિન

**(65)** $C_2H_5NH_2 \xrightarrow{HNO_2} A \xrightarrow{PCl_3} B \xrightarrow{NH_3} C, C$ પદાર્થ ............ છે.

(a) એસિટેમાઈડ (b) ઈથાઈલ એમાઈડ (c) મિથાઈલ એમાઈડ (d) પ્રોપેન નાઈટ્રાઈલ

**(66)** DNA અને RNA માં વિષમચક્રિય બેઇઝ અને ફોસ્ફેટ એસ્ટર એ શર્કરાના ક્યા કાર્બન વડે જોડાયેલ છે? **[AIEEE–2005]**

(a) $C_5$ અને $C_2$ (b) $C_2$ અને $C_5$ (c) $C_1$ અને $C_5$ (d) $C_5$ અને $C_1$

**(67)** નીચેના પૈકી ક્યું વિધાન ખોટું છે?

(a) ઘઉં, ચોખા, મકાઇ અને જુવાર જેવા અનાજમાંથી સ્ટાર્ચ મળે છે.

(b) સ્ટાર્ચ રંગવિહીન, વાસવિહિન અને પાણીમાં દ્રાવ્ય પદાર્થ છે.

(c) સ્ટાર્ચ, એમાઇલોઝ અને એમાઇલોપેક્ટિનનું મિશ્રણ છે.

(d) નવી ઊગતી વનસ્પતિ પોતાની વૃદ્ધિ માટે બીજમાં સંગ્રહાયેલ સ્ટાર્ચનો ખોરાક તરીકે ઉપયોગ કરે છે.

**(68)** બાયોસોફ્ટ ડિટરજન્ટ કયો છે?

(a) LAS (b) ABS (c) આપેલ બંને (d) બેમાંથી એક પણ નહિ

**(69)** ઔષધો ઉત્સેચકના સક્રિય સ્થાનને બદલે અન્ય જે સ્થાને જોડાય છે તેને શું કહે છે?

(a) ડીએક્ટિવ સાઈટ (b) એલોસ્ટેરિક સાઈટ (c) સબસ્ટિટ્યુશન સાઈટ (d) નોર્મલ સાઈટ

**(70)** $\begin{array}{l} CH_3 - N - C_3H_7 \\ \quad\quad\ | \\ \quad\quad C_2H_5 \end{array}$ નું IUPAC નામ ......... છે. **[માર્ચ–2015]**

(a) N – ઈથાઈલ – N – પ્રોપાઈલ મિથેનેમાઈન (b) N – મિથાઈલ – N – પ્રોપાઈલ ઈથેનેમાઈન

(c) N – મિથાઈલ પેન્ટેનેમાઈન (d) N – ઈથાઈલ – N – મિથાઈલ પ્રોપેન – 1 – એમાઈન

**(71)** નીચેના પૈકી કયો પદાર્થ એન્ટિઓક્સિડન્ટ્ નથી? **[માર્ચ–2013]**

(a) બ્યુટાઈલેટેડ હાઈડ્રોક્સિ એનિસોલ (b) એસ્કોર્બિક એસિડ

(c) સાઈટ્રિક એસિડ (d) પ્રોપિયોનિક એસિડ

**(72)** કયો વિકલ્પ યોગ્ય નથી?

(a) ABS: બાયોહાર્ડ પ્રક્ષાલક (b) સોર્બિક એસિડના ક્ષાર: પરિરક્ષકો

(c) સાઈટ્રિક એસિડ : એન્ટિબાયોટિક્સ (d) એસ્પાર્ટેમ: કૃત્રિમ ગળ્યો પદાર્થ

**(73)** $CHCl_3 \xrightarrow[hv]{\text{હવા}} x + HCl$ નીપજ x કઇ છે?

(a) $CCl_4$ (b) $COCl_2$ (c) COCl (d) $H_2CO_3$

**(74)** સોડિયમ ફિનોક્સાઈડની મિથાઈલ આયોડાઈડ જોડે પ્રક્રિયા કરતાં "X" મળે છે જેનું ફ્રિડલ ક્રાફ્ટસ એસાઈલેશન કરતાં "Y" અને "Z" મળે છે, તો X, Y અને Z પદાર્થો જણાવો. **[ઓક્ટોબર – 2013]**

(a) X = એનિસોલ, Y = o–નાઈટ્રો એનિસોલ, Z = p–નાઈટ્રો એનિસોલ

(b) X = એનિસોલ, Y = 1(2–મિથોક્સિ ફિનાઈલ) ઈથેન્–1–ઓન, Z = 1(4–મિથોક્સિ ફિનાઈલ) ઈથેન્–1–ઓન

(c) X = મિથોક્સિ બેન્ઝિન, Y = o–ક્લોરો એનિસોલ, Z = p–ક્લોરો એનિસોલ

(d) X = મિથોક્સિ બેન્ઝિન, Y = o–મિથોક્સિ ટોલ્યુઈન, Z = p–મિથોક્સિ ટોલ્યુઈન

**(75)** BCC રચના ધરાવતા એક તત્વના એકમ કોષની ધારીની લંબાઈ 2.88 Å છે. જો સ્ફટિકની ઘનતા 7.20 g/cc હોય તો 104 ગ્રામ સ્ફટિકમાં પરમાણુઓની સંખ્યા કેટલી થશે?

(a) $1.21 \times 10^{24}$ (b) $2.42 \times 10^{24}$ (c) $0.61 \times 10^{24}$ (d) $0.31 \times 10^{24}$

MANRAJ (9974296067)

**(76)**  પ્રક્રિયામાં પ્રક્રિયકો …… છે.

(a) (i) $NaNO_2$ + HCl (0–5ºC) (ii) $H_3PO_2$ (b) (i) $CHCl_3$ + KOH (ii) $H_2O$ (વરાળ)
(c) (i) $H_2$/[Ni], (ii) $NaNO_2$ + HCl (d) (i) $LiAlH_4$ (ii) $KMnO_4$

**(77)** નીચેના પૈકી કયો એમાઇન 273 – 278 K એ $NaNO_2$ અને HCl સાથે પ્રક્રિયા કરી આલ્કોહોલ આપે છે?

(a) $C_6H_5CH_2–NH–CH_3$ (b) $(CH_3)_2–NH$
(c) $C_6H_5–CH_2–NH_2$ (d) $C_6H_5–NH_2$

**(78)** નીચેની પ્રક્રિયામાં સંયોજન D ……… છે.



(a) $C_6H_5NHOH$ (b) $C_6H_5NHCH_2CH_3$ (c) $C_6H_5CH_2NH_3$ (d) $C_6H_5CH_2OH$

**(79)** $2R-X+2Na \xrightarrow{\text{શુષ્કઇથર}} R-R+2NaX$ ઉપરોક્ત પ્રક્રિયા કઇ ગણાશે?

(a) હોફમેન પ્રક્રિયા (b) ગ્રીગનાર્ડ પ્રક્રિયા (c) વુર્ટ્ઝ પ્રક્રિયા (d) ફિટિંગ પ્રક્રિયા

**(80)** વલ્કેનાઇઝેશન દરમિયાન ……….. % સલ્ફરના ઉપયોગથી ટાયર માટેનું રબર બને છે.

(a) 20 (b) 30 (c) 5 (d) 10

**(81)** ફિનોલના ઓક્સિડેશનથી પ્રાપ્ત થતી નિપજનું IUPAC નામ જણાવો. **[ઓક્ટોબર – 2012]**

(a) 1, 4 – બેન્ઝોક્વિનોન (b) 1, 2 – બેન્ઝો કેટેચોલ
(c) સાયક્લો હેક્ઝા–2, 5–ડાયઈન –1, 4–ડાયઓન (d) કોઈ નહીં

**(82)** યોગ્ય જોડી બનાવીને સાચો વિકલ્પ પસંદ કરો.

| વિભાગ–(I) | | વિભાગ–(II) | |
|---|---|---|---|
| (1) | $2SO_4^{2-} + H_2O \longrightarrow 2H_2SO_4 + O_2 + 4e^-$ (P)$\Delta G < 0$ | | |
| (2) | EMF = ધન | (Q) | કાટનું સૂત્ર |
| (3) | સૌથી વધુ પ્રબળ રિડક્શનકર્તા | (R) | એનોડીક પ્રક્રિયા |
| (4) | $Fe_2O_3$ | (S) | K |
| | | (T) | Zn – Cu મિશ્રણ |

(a) 1 → R; 2 → P; 3 → Q; 4 → Q (b) 1 → P; 2 → R; 3 → T; 4 → Q
(c) 1 → R; 2 → P; 3 → T; 4 → Q (d) 1 → R; 2 → P; 3 → S; 4 → Q

**(83)** જો NaCl ના સ્ફટિક માં $10^{-3}$ મોલ ટકાવાર પ્રમાણથી $SrCl_2$ ઉમેરવામાં આવે તો સ્ફટિકમાં મળતી ધનાયનની ખાલી જગ્યાની સંખ્યા કેટલી થશે?

(a) $6.02 \times 10^{20}$ (b) $6.022 \times 10^{18}$ (c) $6.022 \times 10^{10}$ (d) $6.022 \times 10^{15}$

**(84)** નીચેના પૈકી કયું ઔષધ સૌપ્રથમ પ્રતિજીવી છે? **[માર્ચ–2013]**

(a) ટેટ્રા સાયક્લીન (b) ક્લોરો એમ્ફિનિકોલ (c) હેલિનિન (d) પેનિસિલિન

**(85)** ઇથોક્સિઇથેનને મંદ $H_2SO_4$ સાથે બંધ પાત્રમાં દબાણ હેઠળ ગરમ કરતાં કઇ નિપજ મળે છે?

(a) $2CH_3CH_2OH$ (b) $CH_3OH$ અને $CH_3CH_2OH$
(c) $2CH_3OH$ (d) $2CH_3 – CH_3$

**(86)** સિટાઇલ ટ્રાયમિથાઇલ એમોનિયમ બ્રોમાઇડ કયા પ્રકારનો પ્રક્ષાલક છે?

(a) એનાયનીય
(b) કેટાયનીય
(c) બિનઆયનીય
(d) એસિડિક માધ્યમમાં એનાયનીય અને બેઝિક માધ્યમમાં કેટાયનીય

**(87)** વિલિયમસન સંશ્લેષણ ……..છે. **[ઓક્ટોબર–2012]**

(a) SN પ્રક્રિયા (b) $SN^1$ પ્રક્રિયા (c) $SN^2$ પ્રક્રિયા (d) કોઇ નહીં

**(88)** ફિનોલમાં રહેલા C અને –OH સમૂહનાં ઓક્સિજનમાં થતું સંકરણ અનુક્રમે કયું છે? **[GUJ CET–2011]**

(a) $sp^2, sp^2$ (b) $sp^3, sp^3$ (c) $sp, sp^2$ (d) $sp^2, sp^3$

**(89)** કયો પોલિમર એનાયોનિક યોગશીલ પોલિમરાઇઝેશન ક્રિયાવિધિથી બને છે?

(a) પોલિથીન (b) બ્યુટાઇલ રબર (c) પોલિસ્ટાયરિન (d) ટેફ્લોન

**(90)** કઇ ઔષધ એસિડિટી રોકવામાં મદદ કરે છે?

(a) $NaHCO_3$ (b) સિમેટિડીન (c) $Mg(OH)_2$ (d) a અને c બંને

**(91)** ડાયએઝો સંયુગ્મન પ્રક્રિયા એ શું બનાવવા ઉપયોગી છે? **[AIPMT/CBSE PMT 1993]**

(a) પેસ્ટિસાઈડ્સ (b) રંગકો (c) પ્રોટીન (d) વિટમિન

**(92)** ભારદર્શક સરેરાશ આણ્વિયદળ શોધવાનું સૂત્ર કયું છે?

(a) $\overline{Mw} = \frac{\Sigma Ni^2 \bullet Mi}{\Sigma Ni^2 \bullet Mi}$ (b) $\overline{Mw} = \frac{\Sigma Ni \bullet Mi}{\Sigma Ni}$ (c) $\overline{Mw} = \frac{\Sigma Ni \bullet Mi}{\Sigma Ni^2}$ (d) $\overline{Mw} = \frac{\Sigma Ni\, Mi^2}{\Sigma Ni\, Mi}$

**(93)** નીચે પૈકી કઈ ઔષધ એનાલજેસિક છે, જેના બંધાણી થવાતું નથી? **[AIPMT/CBSE PMT 1997]**

(a) ડાયાઝેપામ (b) ટેટ્રાહાઈડ્રોકેટીનોલ (c) મોર્ફીન

(d) N–એસિટાઈલ પેરાએમિનો ફિનોલ

**(94)** કુદરતી સિલ્ક શું છે?

(a) પોલિપેપ્ટાઈડ (b) પોલિસેકેરાઈડ (c) પોલિક્લોરોપ્રીન (d) પોલિએક્રેલોનાઈટ્રાઈલ

**(95)** નીચેની પ્રક્રિયામાં તાપમાન અને દબાણનાં મૂલ્યો જણાવો:




(a) 300 K, 623 બાર (b) 633 K, 300 બાર (c) 326 K, 600 બાર (d) 300 K, 326 બાર

**(96)** ઉચ્ચ કોટિની પ્રક્રિયાઓ $(n > 3)$ વિરલ છે કારણ કે: **[JEE–2015]**

(a) બધી જ પ્રક્રિયા કરતી સ્પીશીઝની એક સાથે અથડાવવાની સંભાવના ઘણી ઓછી છે.

(b) વધુ અણુઓના ભાગ લેવાથી એન્ટ્રોપી અને સક્રિયકરણ ઊર્જામાં વૃદ્ધિ થાય છે.

(c) સ્થિતિસ્થાપક અથડામણના કારણે સંતુલન પ્રક્રિયક તરફ ખસે છે.

(d) અથડામણના કારણે સક્રિય સ્પીશીઝનો ક્ષય થાય છે.

**(97)** નીચેનામાંથી કયો પદાર્થ સંઘનન પોલિમરાઈઝેશનથી બનાવાય છે?

(a) ટેરિલીન (b) ઈથિલિન ગ્લાયકોલ (c) ડાયમિથાઈલ ટરથેલેટ (d) ઉપરના બધા જ

**(98)** કોલમ I માં આપેલ ધાતુ આયનોને કોલમ II માં આપેલ આયનોની સ્પીન ચુંબકીય ચાકમાત્રાઓ સાથે જોડી અને સાચો કોડ ફાળવો: **[NEET–2018]**

| | કોલમ I | | કોલમ II |
|---|---|---|---|
| a. | $Co^{3+}$ | i. | $\sqrt{8}$ B.M. |
| b. | $Cr^{3+}$ | ii. | $\sqrt{35}$ B.M. |
| c. | $Fe^{3+}$ | iii. | $\sqrt{3}$ B.M. |
| d. | $Ni^{2+}$ | iv. | $\sqrt{24}$ B.M. |
| | | v. | $\sqrt{15}$ B.M. |

(a) (a – iv), (b – v), (c – ii), (d – i) (b) (a – iv), (b – i), (c – ii), (d – iii)

(c) (a – i), (b – ii), (c – iii), (d – iv) (d) (a – iii), (b – v), (c – i), (d – ii)

**(99)** નીચેના પૈકી કઇ શરતોમાં રાસાયણિક પ્રક્રિયા કરવાથી ટોલ્યુઇનમાંથી બેન્ઝાઇલ બ્રોમાઇડ મેળવી શકાશે? **[AMU–1997]**

(a) $Br_2/FeBr_3$ (b) $Br_2$/સૂર્યપ્રકાશ (c) HBr (d) $Br_2$/અંધકાર

**(100)** 

પ્રક્રિયામાં અંતિમ નીપજ –C કઈ હશે?

(a) 2–બ્રોમો એનિલીન (b) 4–બ્રોમો એનિલીન (c) 3–બ્રોમો એનિલીન (d) ઉપરોક્ત બધી જ નીપજોનું મિશ્રણ

**(101)** નીચેનામાંથી ક્યા પ્રક્રિયક સાથે આલ્ડિહાઇડ સંયોજનો પ્રક્રિયા આપે છે પણ ગ્લુકોઝ પ્રક્રિયા નથી આપતું?

(a) HCN (b) $NH_2OH$ (c) $NaHSO_3$ (d) $C_6H_5NHNH_2$

**(102)** કોણ રસાયણચિકિત્સાના પિતા તરીકે ઓળખાય છે?

(a) એલેક્ઝાન્ડર ફ્લેમિંગ (b) હાવર્ડ ફ્લોર (c) પૌલ એહ્રલિચ (d) અર્નસ્ટ બોરિસ ચેઈન

**(103)** મિથાઈલ સાયનાઈડને ઈથેનોલ અને સાંદ્ર જલીય $H_2SO_4$ સાથે ગરમ કરતાં મળતી મુખ્ય નીપજનું IUPAC નામ કયું છે?

(a) ઈથેનોઈક એસિડ (b) ઈથાઈલ એસિટેટ (c) ઈથાઈલ ઈથેનોએટ (d) મિથાઈલ ઈથેનોએટ

**(104)** ઈથરને હવામાં થોડી વાર ખુલ્લો રાખતાં બનતો વિસ્ફોટક પદાર્થ કયો હોય છે? **[Raj PMT–2002]**

(a) પેરોક્સાઈડ (b) T.N.T (c) સુપર ઓક્સાઈડ (d) ટ્રાય ઓક્સાઈડ

**(105)** નીચે પૈકી કયો લેન્થેનાઈડ આયન પ્રતિચુંબકીય છે? **[NEET–2013]**

(પરમાણુક્રમાંક: Ce = 58, Sm = 62, Ea = 63, Yb = 70)

(a) $Eu^{+}$ (b) $Yb^{2+}$ (c) $Ce^{2+}$ (d) $Sm^{2+}$

**(106)** રંગ ઉદ્યોગમાં એનિલીન બ્લ્યુ બનાવવા કયો પદાર્થ વપરાય છે? **[માર્ચ–2013]**

(a) સક્સિનિક એસિડ (b) ફોર્મિક એસિડ (c) એડિપિક એસિડ (d) બેન્ઝોઇક એસિડ

**(107)** નીચેનામાંથી સ્વાર્ટ્ઝ પ્રક્રિયા કઇ છે? **[GUJCET–2014]**

(a) $CH_3Cl + NaI \xrightarrow{\text{એસીટોન}} CH_3I + NaCl$ (b) $CH_3Br + NaI \xrightarrow{\text{એસીટોન}} CH_3I + NaBr$

(c) $CH_3Br + AgF \longrightarrow CH_3F + AgBr$ (d) $2CH_3Cl + 2Na \xrightarrow{\text{સૂકો ઇથર}} CH_3 \cdot CH_3 + 2NaCl$

**(108)** નીચેના પૈકી કોની જોડે એનિલીનની પ્રક્રિયા કરતાં ક્લોરોબેન્ઝિન મળે છે?

(a) નાઇટ્રસ એસિડ ત્યાર પછી ક્યુપ્રસ ક્લોરાઇડ સાથે ગરમ કરતાં

(b) ક્યુપ્રસ ક્લોરાઇડ

(c) નિર્જળ $AlCl_3$ ની હાજરીમાં ક્લોરિન

(d) હાઇડ્રોક્લોરિક એસિડ

**(109)** મિથેનાલમાં કાર્બોનિલ કાર્બનનો ઓક્સિડેશન આંક કેટલો છે? **[Guj CET–2007]**

(a) +4 (b) શૂન્ય (c) +3 (d) +2

**(110)** નીચેનામાંથી કઈ રાસાયણિક પ્રિક્રિયા દ્વારા બ્યુટેન નાઇટ્રાઇલ મેળવી શકાશે? **[IIT–1992;Pb CET–1999]**

(a) પ્રોપાઇલ આલ્કોહોલ + KCN (b) બ્યુટાઇલ આલ્કોહોલ + KCN

(c) બ્યુટાઇલ આલ્કોહોલ + KCN (d) પ્રોપાઇલ ક્લોરાઇડ + KCN

**(111)** નીચેના પૈકી કયા વૈજ્ઞાનિકોને નોબેલ પારિતોષિ મળ્યું હતું?

(A) પૌલ એહ્રલિચ (B) એલેકઝાન્ડર ફ્લેમિંગ (C) હાવર્ડ ફ્લોર (D) અર્નસ્ટ બોરિસચેઇન

(a) માત્ર B (b) A અને B (c) માત્ર A, B અને C (d) બધાને

**(112)** નીચેના pKa નાં મૂલ્ય પરથી સૌથી નિર્બળ એસિડનું મૂલ્ય કયું છે?

(a) 4.38 (b) 2.87 (c) 1.26 (d) 0.64

**(113)** એનિસોલની નીચેનામાંથી કોની સાથે પ્રક્રિયા કરવાથી o – p – બ્રોમોએનિસોલ બને છે.

(a) $Br_2$ – જળ (b) $Br_2/CH_3$–COOH (c) $3Br_2$ – જળ (d) $Br_2$/NaOH

**(114)** રસોઈ માટેનાં નોનસ્ટિક વાસણો બનાવવા કયો પોલિમર વપરાય છે?

(a) ટેફ્લોન (b) ઓર્લોન (c) PVC (d) પોલિથીન

**(115)** $$>C=C< + H_2O \xrightarrow{?} -\underset{H}{\overset{|}{C}}-\underset{OH}{\overset{|}{C}}-$$

ઉપરોક્ત હાઇડ્રેશન પ્રક્રિયા કયા ઉદ્દીપકની હાજરીમાં કરવામાં આવે છે?

(a) નિર્જળ $ZnCl_2$ (b) $H^{+}$ (c) $AlCl_3$ (d) u.v.

**(116)** સાદા ઈથરમાં C – O – C બંધકોણ તેમજ ઓક્સિજનનું સંકરણ જણાવો. **[ઓક્ટોબર – 2013]**

(a) 109°, $sp^3$ (b) 117°, $sp^2$ (c) 111.7°, $sp^3$ (d) 180°, sp

**(117)** ઉપરોક્ત પ્રક્રિયા ફક્ત પ્રાથમિક હેલો આલ્કેન માટે જ છે પરંતુ દ્વિતીયક કે તૃતીયક હેલો આલ્કેન વાપરવામાં આવે તો વિલોપન (Elimination) પ્રક્રિયા થઈ આલ્કીન બને છે.

ઈથરના રાસાયણિક ગુણધર્મો સાથે નીચેના પૈકી કયું સુસંગત છે?

(a) ઈથરનું ઓક્સિડેશન કે રિડક્શન થતું નથી. (b) ઈથરની સક્રિય ધાતુ કે બેઈઝ સાથે પ્રક્રિયા થતી નથી.

(c) ઈથર પ્રબળ એસિડ સાથે કેટલીક પ્રક્રિયા આપે છે. (d) આપેલા બધા જ

**(118)** ઓઇલસિલ, હોસપાઇપ, પેટ્રોલ ટાંકીના અંદરના આવરણ માટે કયું પોલિમર વપરાય છે?

(a) બ્યુટાઇલ રબર (b) નાઇટ્રાઇલ રબર

(c) સ્ટાયરિન–બ્યુટાડાઇન રબર (d) નાયલોન–6

**(119)** 1 ડેસીમીટર લાંબી પોલારીમીટર ટ્યુબની મદદથી 0.2 ગ્રામ સુક્રોઝ ધરાવતા 1 મિલિ જલીય દ્રાવણનું પરિભ્રમણ +13.3° માલૂમ પડ્યું તો સુક્રોઝના આ દ્રાવણનું વિશિષ્ટ પરિભ્રમણ કેટલું? **[માર્ચ–2014]**

(a) –66.5° (b) +66.5° (c) +6.65° (d) –6.65°

**(120)** કુદરતી રબરના આવર્તનીય એકમમાં ........ અને ......... વચ્ચે દ્વિ–બંધ હોય છે.

(a) $C_1$ અને $C_3$ (b) $C_2$ અને $C_4$ (c) $C_2$ અને $C_3$ (d) $C_1$ અને $C_4$

**(121)** સૌથી ઊંચું ઉત્કલનબિંદુ નીચેનામાંથી કયા સંયોજનનું હશે?

(a) $CH_3CH_2CH_2$–$NH_2$ (b) $CH_3$–NH–$C_2H_5$ (c) $(CH_3)_3$–N

(d) $CH_3CH_2$–$NH_2$

**(122)** કુદરતી રીતે મળતા ફેટી એસિડમાં કાર્બન સંખ્યા ......... હોય છે.

(a) $C_1$ થી $C_5$ (b) $C_5$ થી $C_{10}$ (c) $C_{12}$ થી $C_{18}$ (d) $C_{18}$ થી વધુ કાર્બન

**(123)** પ્રથમ ક્રમની એક પ્રક્રિયા માટે $t_{50\%}$, $t_{80\%}$, $t_{avg}$ માટે કયો સંબંધ જણાવો.

(a) $t_{50\%} < t_{80\%} < t_{avg}$ (b) $t_{50\%} < t_{avg} < t_{80\%}$ (c) $t_{avg} < t_{50\%} < t_{80\%}$ (d) $t_{avg} < t_{80\%} < t_{50\%}$

**(124)** નીચેના પૈકી કોનો PDI = 1 થાય?

(a) ડેક્રોન (b) સેલ્યુલોઝ (c) SBR (d) PVC

**(125)** ચરબીના જળવિભાજન માટે ક્યો ઉત્સેચક વપરાય છે?

(a) ઇન્વર્ટેઝ (b) લાઇપેઝ (c) ઝાયમેઝ (d) અત્રે આપેલ નથી.

**(126)** 2 ગ્રામ ફિનોલને 2, 4, 6 – ટ્રાયબ્રોમોફિનોલમાં રૂપાંતરિત કરવા કેટલા ગ્રામ બ્રોમિનની જરૂર પડશે?

(a) 10.22 (b) 6.0 (c) 4.0 (d) 20.44

**(127)** આપેલ ચલરૂપકોની સ્થાયીતાનો ક્રમ જણાવો. **[NEET 2013]**



(I) (II) (III)

(a) II > I > III (b) II > III > I (c) I > II > III (d) III > II > I

**(128)** નીચે આપે વિધાનોમાંથી સાચા માટે T અને ખોટા માટે F નો વિકલ્પ પસંદ કરો:

(i) હિમોગ્લોબીન અને ક્લોરોફીલ બંને સંક્રાંતિ ધાતુના કિલેટ સંયોજનો છે.

(ii) $K_3[Co(C_2O_4)_2(CN)_2]$ સંકીર્ણમાં ધાતુની પ્રાથમિક સંયોજકતા +3 અને દ્વિતીયક સંયોજકતા 6 છે.

(iii) $K_3[Co(CN)_6]$ સંકીર્ણના $CN^-$ લિગેન્ડ ધાતુ આયનની પ્રાથમિક સંયોજકતા અને દ્વિતીયક સંયોજકતા સંતોષે છે.

(iv) $KMnO_4$ માં Mn, $d^3s$ સંકરણ ધરાવે છે અને ચતુષ્ફલકીય આકારનું હોય છે.

(a) F T T T (b) T T T F (c) T T F F (d) F F T F

**(129)** આપેલ વિધાનો માટે સાચો વિકલ્પ પસંદ કરો.

(1) સુક્રોઝને 483 K તાપમાને ગરમ કરતાં કેરેમલ મળે છે.

(2) સુક્રોઝનું જળવિભાજન થયા પહેલાં તેનું જલીય દ્રાવણ વામભ્રમણીય હોય છે.

(3) સુક્રોઝમાં જોડાયેલા બંને મોનોસેકેરાઇડ એકમોના રિડક્શનકર્તા સમૂહો ગ્લાયકોસિડિક બંધ બનાવવામાં ભાગ લેતા નથી, જેથી સુક્રોઝ રિડ્યુસિંગ શર્કરા નથી.

(a) T F T (b) T F F (c) T T F (d) T T T

**(130)** .........બેઇઝ પ્યુરિન સમૂહનો છે.

(a) સાયટોસીન (b) થાયમીન (c) એડેનીન (d) અત્રે આપેલ નથી.

**(131)** એરીન શ્રેણીના હાઇડ્રોકાર્બનમાંના હાઇડ્રોજન પરમાણુનું વિસ્થાપન હેલોજન પરમાણુ વડે કરતાં મળતાં સંયોજનને ......કહે છે.

(a) આલ્કાઇલ હેલાઇડ (b) એરાઇલ હેલાઇડ (c) હેલોએરીન (d) (b) અને (c) બંને

**(132)** દાઢી કરવાના સાબુની બનાવટ દરમિયાન ..... ઉમેરાતાં બનતું ફીણ ઝડપથી સુકાતું નથી.

(a) TFM (b) રોઝીન (c) ગ્લિસરોલ (d) ફેટી એસિડ

**(133)** ક્યું સંયોજન આલ્ડોલ સંઘનન પ્રક્રિયા આપતું નથી? **[માર્ચ–2015]**

(a) ડાયક્લોરો એસિટાલ્ડિહાઇડ (b) ટ્રાયક્લોરો એસિટાલ્ડિહાઇડ

(c) એસિટાલ્ડિહાઇડ (d) મોનોક્લોરો એસિટાલ્ડિહાઇડ

**(134)** નીચેની પ્રક્રિયામાં X, Y અને Z નક્કી કરીને સાચો વિકલ્પ પસંદ કરો.

$X \xrightarrow{\Delta} Y + CO_{2(g)}$

અને $Y + Z \xrightarrow{\Delta} Zn_{(s)} + CO_{(g)}$

(a) $X = ZnO_{(s)}$; $Y = ZnCO_{3(s)}$ અને $Z = C_{(s)}$ (b) $X = ZnCO_{3(s)}$ ; $Y = ZnO_{(s)}$ અને $Z = CO_{2(g)}$

(c) $X = C_{(s)}$; $Y = C_{(s)}$ અને $Z = ZnCO_{3(s)}$ (d) $X = ZnCO_{3(s)}$; $Y = CO_{2(g)}$ અને $Z = CO_{2(g)}$

**(135)** ગેલ્વેનાઇઝીંગ પ્રક્રિયા એ કોનું અસ્તર લગાવવાની ક્રિયા છે? **[JEE–2016]**

(a) Zn (b) Pb (c) Cr (d) Cu

**(136)** પિરિડિનિયમ ક્લોરોક્રોમેટ વડે આલ્કોહોલનું ઓક્સિડેશન કરતાં નીચેના પૈકી કયો દ્રાવક તરીકે વપરાય છે? **[ઓક્ટોબર – 2013]**

(a) ડાયક્લોરોમિથેન (b) ટ્રાયક્લોરોમિથેન (c) ટ્રાયક્લોરોઇથેન (d) ક્લોરોમિથેન

**(137)** ટિંડલ અસર જોઇ શકાય કે જ્યારે નીચે આપેલી શરતો સંતોષાય છે: **[JEE–2017]**

(a) વિક્ષેપિત કણોનો વ્યાસ ઉપયોગમાં લીધેલી પ્રકાશની તરંગલંબાઇ કરતા ઘણો નાનો છે.

(b) વિક્ષેપિત કણોનો વ્યાસ ઉપયોગમાં લીધેલી પ્રકાશની તરંગલંબાઇ કરતા ઘણો નાનો નથી.

(c) વિક્ષેપિત કલા અને વિક્ષેપન માધ્યમનો વક્રીભવનાંક લગભગ એકસરખો માત્રામાં હોય છે.

(d) વિક્ષેપિત કલા અને વિક્ષેપન માધ્યમનો વક્રીભવનાંક મોટી માત્રામાં જુદા હોય છે.

(a) (a) અને (d) (b) (b) અને (d) (c) (a) અને (c) (d) (b) અને (c)

**(138)** સૌથી વધુ યોગ્ય વિધાન પસંદ કરો:

(a) D, L નામકરણ ગ્લિસરાલ્ડિહાઇડ માટે વપરાય છે.

(b) D, L નામકરણ કાર્બોહાઇડ્રેટસ માટે વપરાય છે.

(c) D, L નામકરણ પ્રકાશીય ભ્રમણની સંજ્ઞા દર્શાવતું નથી.

(d) ઉપરનાં બધાં જ વિધાનો સાચાં છે.

**(139)** સાદો અને મિશ્ર ઈથર કઈ પ્રક્રિયાથી મેળવી શકાય છે?

(a) વિલિયમસન સંશ્લેષણ (b) વુર્ટ્ઝ પ્રક્રિયા (c) $Ag_2O$ સાથે (d) β – વિલોપન પ્રક્રિયા

**(140)** ફોર્મેલીનનું જલીય દ્રાવણ કયા પદાર્થમાંથી બનાવાય છે?

(a) H–COOH (b) H–CHO (c) $CH_3$–COOH (d) $CH_3$–OH

**(141)** નીચેનામાંથી કયો વિકલ્પ બંધબેસતો છે?

(a) PAN → $[-CH_2-CH_2-CH-]_n$

(b) નાયલોન–6 → $(\text{કેપ્રોલેક્ટમ})_n$

(c) નાયલોન–66 → $[-CO-(CH_2)_4-(CH_2)_6-NH-]$

(d) બેકેલાઇટ → 

**(142)** એનિલીનનું નીચા તાપમાને ડાયેઝોટાઇઝેશન થયા બાદ તેને ડાયમિથાઇલ એનિલીન સાથે પ્રક્રિયા કરવાથી રંગીન નીપજ મળે છે. તો તે સંયોજનનું બંધારણ ક્યું હશે? **[AIPMT–2004,2008]**




**(143)** એક્રોલીનનું IUPAC નામ કયું?

(a) પ્રોપ – 1 – ઈન – 1 – ઓન્ (b) પ્રોપ્ – 2 – ઈનાલ

(c) પ્રોપ્ – 1 – ઈન – 2 – ઓલ (d) પ્રોપ – 2 – ઈન – 1 – ઓલ

**(144)** એમોક્સિલીન એ કઈ ઓષધનું સાંશ્લેષિત સ્વરૂપ છે? **[pb PMT–1998]**

(a) પેનિસિલિન (b) સ્ટ્રેપ્ટોમાયસીન (c) ટેટ્રાસાયક્લિન (d) ક્લોરએમ્ફેનિકોલ

**(145)** એક ધાતુ આયન '$M^{3+}$' નો હોમોલેપ્ટિક અષ્ટફલકીય સંકીર્ણ તેના ત્રણ એકદંતીય લીગાન્ડ $L_1$, $L_2$ અને $L_3$ અનુક્રમે લીલા, વાદળી અને લાલ વિસ્તારમાં તરંગલંબાઈનું શોષણ કરે છે. તો આ લીગાન્ડની પ્રબળતાનો ચઢતો ક્રમ શોધો? **[JEE–2019]**

(a) $L_3 < L_1 < L_2$ (b) $L_1 < L_2 < L_3$ (c) $L_2 < L_1 < L_3$ (d) $L_3 < L_2 < L_1$

**(146)** ચરબી $\xrightarrow{\text{જળવિભાજન}}$ કાર્બોક્સિલિક એસિડ + આલ્કોહોલ આ પ્રક્રિયા કોની હાજરીમાં ખૂબ ઝડપી બને છે? **[માર્ચ–2015]**

(a) ઇન્વર્ટેઝ (b) માલ્ટેઝ (c) લાયપેઝ (d) ઇમલ્સિન

**(147)** રાસાયણિક અધિશોષણ અને ભૌતિક અધિશોષણ માટે $\frac{x}{m} \to T$ ના વક્ર અનુક્રમે ક્યા સાચા છે?

MINRAJ (9974296967)




**(148)** હોલ–હેરાઉલ્ટ પ્રક્રમમાં Al (એલ્યુમિનિયમ) નિષ્કર્ષણના સંદર્ભમાં નીચે આપેલા પૈકી ક્યું એક વિધાન ખોટું છે? **[JEE–2015]**
(a) આ પ્રક્રમમાં CO અને $CO_2$ નું ઉત્પાદન થાય છે.
(b) $Al_2O_3$ ને જ્યારે $CaF_2$ સાથે મિશ્ર કરવામાં આવે ત્યારે મિશ્રણનું ગલનબિંદુ ઓછું થાય છે અને તેમાં વાહકતા આવે છે.
(c) કેથોડ પર $Al^{3+}$ નું રિડક્શન થઇ Al બને છે.
(d) $Na_3AlF_6$ વિદ્યુતવિભાજ્ય તરીકે કામ કરે છે.

**(149)** ક્યા વિટામિનની ઊણપથી બાળકોનાં હાડકામાં વિકૃતિ આવે છે? **[માર્ચ –2013]**
(a) કેલ્શિફેરાલ (b) ટોકોફેરાલ (c) બાયોટિન (d) ફિલોક્વિનોન

**(150)** 

પ્રક્રિયામાં કઈ પરિસ્થિતિ યોગ્ય છે?
(a) સાંદ્ર $H_2SO_4$ અને 473 K (b) 85% $H_3PO_4$ અને 440 K
(c) $Al_2O_3$ અને 673 K (d) 20% $H_3PO_4$ અને 358 K

**(151)** ફિનોલ $\xrightarrow{(?)}$ 1, 4–બેન્ઝોક્વિનોન પ્રક્રિયામાં કયો પ્રક્રિયક ઉપયોગી છે?
(a) $CHCl_3$ + NaOH જલીય (b) $Na_2Cr_2O_7$ + સાંદ્ર $H_2SO_4$
(c) 1% NaOH (d) NaOH + નિર્જલ $AlCl_3$

**(152)** સાચા વિધાન માટે T અને ખોટા વિધાન માટે F નો યોગ્ય વિકલ્પ પસંદ કરો:
(I) $CuSO_4$ ના દ્રાવણનો વાદળી રંગ ટિંડલ અસરને કારણે હોય છે.
(II) હિમોગ્લોબીન અને ધુમાડો ધનવીજભાર ધરાવતા કલિલો છે.
(III) લાયોફિલિક કલિલની સ્થાયિતા તેના મોટા કદના કારણે હોય છે.
(IV) $As_2S_3$ સોલ પ્રતિવર્તી પ્રકારનો છે.
(a) TTFT (b) TTFF (c) FFTF (d) TFFT

**(153)** નીચે પૈકી ટેફલોનનો ઉપયોગ કયો છે? **[Guj CET–2013]**
(a) રેડિયો, ફ્રિજ અને ટીવીના કેબિનેટની બનાવટમાં (b) ટાયર અને પગરખાંની બનાવટમાં
(c) રસોઈનાં નોન–સ્ટિક સાધનો બનાવવામાં (d) સ્વિચ, પ્લગ–પિન જેવાં ઇલેક્ટ્રિક સાધનોની બનાવટમાં

**(154)** યુરીનરી એન્ટિસેપ્ટિક ઔષધ તરીકે કયો પદાર્થ વપરાય છે?
(a) બેન્ઝોઇક એસિડ (b) એસિટિક એસિડ (c) બેન્ઝોઇક એસિડ (d) પેન્ટેનોઇક એસિડ

MANRAJ (9724296967)

**(155)** *ટોલ્યુઇન નીચેના પૈકી કોની સાથે પ્રક્રિયા આપતું નથી?*

(a) *ડાયફ્લોરિન* (b) *ડાયક્લોરિન* (c) *ડાયબ્રોમિન* (d) *ડાયઆયોડિન*

**(156)** *લાયોફોબીક કલિલોના સંદર્ભમાં સાચું વિધાન ક્યું છે?*

(a) *તેઓ ઉષ્માગતિકીય રીતે અસ્થાયી હોય છે.*

(b) *બધા જ ઇમલ્સન લાયોફોબીક પ્રકારના કલિલો છે.*

(c) *તેમની સ્નિગ્ધતા અને પૃષ્ઠતાણ લગભગ તેના વિક્ષેપન માધ્યમ જેટલા જ હોય છે.*

(d) *તેમની વિક્ષેપિત કક્ષાની ઊંચી સાંદ્રતા ધરાવતું દ્રાવણ*

**(157)** $Cd_{(s)} + Pb^{2+}_{(aq)} \longrightarrow Cd^{2+}_{(aq)} + Pb_{(s)}$

$[E^o_{Cd^{2+}/Cd} = -0.403\,V; E^o_{Pb^{2+}/Pb} = -0.126\,V]$

298 K *તાપમાને કોષ પ્રક્રિયામાં મુક્ત ઊર્જામાં થયેલો ફેરફાર કેટલો થશે?*

(a) –53.46 KJ (b) 102.1 KJ (c) –102.1 KJ (d) 53.46 KJ

**(158)** *ક્યા પ્રકારના એમાઇનમાંથી આઇસોસાયનાઇડ સંયોજન મેળવી શકાય છે?*

(a) $1^o$ *એમાઇન* (b) $2^o$ *એમાઇન* (c) $3^o$ *એમાઇન* (d) *એક પણ નહીં*

**(159)** *મંદ* HCl *માંના* $NaNO_2$ *ને ........ સાથે ગરમ કરતાં નાઇટ્રોજન વાયુ ઉત્પન્ન થાય છે.*

(a) $CH_3NH–CH_2CH_3$ (b) $(C_2H_5)_3N$ (c) $C_6H_5NH_2$ (d) $H_2NCH_2CH_2NH_2$

**(160)** *ક્યા પદાર્થનું નિર્જલીકરણ કરવાથી બેન્ઝિન નાઇટ્રાઇલ મળે છે?* **[Guj CET–2007]**

(a) *બેન્ઝોફિનોન* (b) *બેન્ઝોઇલ ક્લોરાઇડ* (c) *બેન્ઝોઇક એસિડ* (d) *બેન્ઝેમાઇડ*

**(161)** *નીચેના પૈકી ક્યું કુદરતી પોલિમર છે?* **[BHU–1990]**

(a) *પોલિથિન* (b) PVC (c) *પ્રોટીન* (d) $CH_3COOH$

**(162)** 100 *ગ્રામ પાણીમાં કેટલાં ગ્રામ સુક્રોઝ* (M = 342) *ઓગાળવો પડે કે જેથી તે દ્રાવણનાં ઉત્કલનબિંદુ અને ઠારબિંદુ વચ્ચેનો તફાવત* 105.0ºC *રહે?* ($K_f$ = 1.86 *અને* $K_b$ = 0.51)

(a) 34.2 *ગ્રામ* (b) 72 *ગ્રામ* (c) 342 *ગ્રામ* (d) 460 *ગ્રામ*

**(163)** *નીચેના પૈકી કયું વિધાન સાચું છે?*

(a) *જે ઔષધ સંદેશાવાહકને સ્થાને ગ્રાહી પ્રદાર્થ સાથે જોડાઈ કોષની પ્રત્યાયન ક્રિયાને રોકે છે તેને એગોનિસ્ટ્સ કહે છે.*

(b) *જે ઔષધને ગ્રાહી પદાર્થ કુદરતી સંદેશાવાહક સમજી સ્વીકારે છે અને પ્રત્યાયન પ્રક્રિયા જળવાઈ રહે છે તેને એન્ટાગોનિસ્ટ્સ કહે છે.*

(c) *જે ઔષધો ઉત્સેચકના સક્રિય સ્થાને જોડનાર કુદરતી પ્રક્રિયાર્થી સાથે સ્પર્ધા કરી ઉત્સેચકના સક્રિય સ્થાને જોડાય છે તેને સ્પર્ધાત્મક નિરોધકો કહો છે.*

(d) *પ્રક્રિયાર્થીને ઉત્સેચકના સક્રિય સ્થાને જોડનાર ઔષધોને ઉત્સેચક નિરોધકો કહો છે.*

**(164)** *ક્યું સૂત્ર તૃતીયક આલ્કોહોલનું છે?*

(a) $(CH_3)_3\,CCH_2 – OH$ (b) $(CH_3)_2 – CH – OH$

(c) $(CH_3)_3 – C – OH$ (d) $CH_3 – CH_2 – OH$

**(165)** *દ્રાવણમાં રહેલાં દ્રાવ્ય પદાર્થનો મોલ અંશ* ($X_2$) *અને મોલાલિટી* (m) *વચ્ચેનો સંબંધ નીચે પૈકી કયો ગણાશે?*

(a) $X_2 = \dfrac{m \cdot M_1}{1 - m \cdot M_1}$ (b) $X_2 = \dfrac{m \cdot M_1}{1 + m \cdot M_1}$ (c) $X_2 = \dfrac{1 + m \cdot M_1}{m \cdot M_1}$ (d) $X_2 = \dfrac{1 - m \cdot M_1}{m \cdot M_1}$

**(166)** *ફિનોલમાંથી પિક્રિક એસિડ મેળવવાની પ્રક્રિયા કયા પ્રકારની છે?*

(a) *કેન્દ્ર અનુરાગી યોગશીલ પ્રક્રિયા* (b) *કેન્દ્ર અનુરાગી વિસ્થાપન પ્રક્રિયા*

(c) *ઇલેક્ટ્રોન અનુરાગી વિસ્થાપન પ્રક્રિયા* (d) *ઇલેક્ટ્રોન અનુરાગી યોગશીલ પ્રક્રિયા*

**(167)** *નીચેના સંકીર્ણ આયનોની અષ્ટફલકીય ક્ષેત્રમાં કે ચતુષ્ફલકીય ક્ષેત્રમાં ધાતુ આયનની* d*–ઇલેક્ટ્રોનરચના કઈ સાચી દર્શાવેલ નથી?*

(a) $[FeFe]^{3-} \rightarrow t_{2g^3}\,{}_{eg^2}$ (b) $[Fe(CN)_6]^{4-} \rightarrow t_{2g^6}\,{}_{eg^0}$

(c) $[NiCl_4]^{2-} \rightarrow e_{g^4}\,t_{eg^4}$ (d) $[Mn(CN)_6]^{4-} \rightarrow t_{2g^3}\,{}_{eg^2}$

**(168)** *બે પદાર્થ* X *અને* Y *એક જ પાત્રમાં હાજર છે. જ્યાં* $[X_0] = 8[Y_0]$ *છે.* X *અને* Y *ના અર્ધઆયુષ્ય સમય અનુક્રમે* 5 *અને* 20 *મિનિટ છે. પ્રથમ ક્રમની આ બંને પ્રક્રિયા માટે કેટલા સમયે બંને પ્રક્રિયા માટે કેટલા સમય બંનેની સાંદ્રતા* $[X]_t = [Y]_t$ *થાય?*

(a) 15 min (b) 20 min (c) 10 min (d) 5 min

**(169)** DNA *માં ક્યા બે બેઇઝ ત્રણ હાઇડ્રોજનબંધથી જોડાયેલા હોય છે?*

(a) A *અને* C (b) A *અને* G (c) A *અને* T (d) C *અને* G

**(170)** $10^o$ *સે. તાપમાને યુરિયાના દ્રાવણનું અભિસરણ દબાણ* 500 *મિ. મિ. છે દ્રાવણનું તાપમાન વધારીને* $25^o$ *સે. કરવામાં આવે છે અને સાથે–સાથે તેને મંદ પણ કરવામાં આવે છે. ત્યારે તેનું અભિસરણ દબાણ* 131.6 *મિ. મિ. થાય છે. તો આ દ્રાવણ કેટલું મંદ કરેલું હશે?*

(a) 3 *ગણું* (b) 3.5 *ગણું* (c) 4 *ગણું* (d) 3.8 *ગણું*

**(171)** *પ્રક્રિયા* A : 10 gm $CaCO_{3(s)}$ + 20 ml 2 M HCl *માટે પ્રક્રિયાવેગ* $r_A$ *હોય અને પ્રક્રિયા* B : 10 gm $CaCO_{3(s)}$ + 2ml 4 M HCl *માટે પ્રક્રિયાવેગ* $r_B$ *તો ક્યો સંબંધ સાચો છે?*

(a) $r_A > r_B$ (b) $r_B = r_A$ (c) $r_A < r_B$ (d) $r_A = r_B - 1$

**(172)** *પ્રોપેનાલ અને પ્રોપેન–*2*–ઓન કયા પ્રકારના સમઘટક છે?*

(a) *સ્થાન સમઘટક* (b) *પ્રકાશ સમઘટક* (c) *ભૌમિતિક સમઘટક* (d) *ક્રિયાશીલ સમૂહ સમઘટક*

**(173)** *પ્રોટીન કોના પોલિમર છે?* **[MP PMT–1996]**

(a) *ગ્લુકોઝ* (b) *ટરપ્થેલિક એસિડ* (c) *એમિનો એસિડ* (d) *ગ્લાયકોલ*

**(174)** *આલ્કીનની હાઇડ્રોજન હેલાઇડ સાથેની યોગશિત પ્રક્રિયા .......તરીકે ઓળખાય છે.* **[ઓક્ટોબર–2012]**

(a) *હેલોજીનેશન* (b) *હાઇડ્રોહેલોજીનેશન* (c) *સેન્ડમેયર પ્રક્રિયા* (d) *હાઇડ્રેશન*

**(175)** *કયું એમાઇન મેટામેરીઝમ દર્શાવે છે?*

(a) *માત્ર પ્રાથમિક* (b) *માત્ર દ્વિતીયક* (c) *માત્ર તૃતીયક* (d) *દ્વિતીયક અને તૃતીયક બંને*

**(176)** $SN^2$ *પ્રક્રિયામાં ભાગ લેતા કાર્બન પરમાણુના સંકરણના પ્રકારમાં સંક્રાંતિ અવસ્થાએ શું ફેરફાર થાય છે?*

(a) $sp^2$ *માંથી* $sp^3$ (b) $sp^3$ *માંથી* sp (c) sp *માંથી* $sp^2$ (d) $sp^3$ *માંથી* $sp^2$

**(177)** *નીચે પૈકી મેગ્નેશિયમ કોણ ધરાવે છે?* **[CBSE PMT–2000]**

(a) *ક્લોરોફિલ* (b) *વિટામિન* $B_{12}$ (c) *હિમોગ્લોબીન* (d) *અત્રે આપેલ નથી.*

**(178)** $\alpha$–D(+) *ગ્લુકોઝ અને* $\beta$–D(+) *ગ્લુકોઝ શું છે?* **[CBSE PMT–2000]**

(a) *પ્રતિબિંબીઓ* (b) *ભૌમિતિક સમઘટકો* (c) *એનોમર્સ* (d) *એપીમર્સ*

**(179)** *નીચેના પૈકી કઈ પ્રક્રિયામાં* $2^o$ *એમાઇન મળે છે?* **[માર્ચ–2014]**

(a) *ઈથેનેમાઈડની હોફમેન પ્રક્રિયા* (b) *નાઇટ્રો ઈથેનનું* $LiAlH_4$ *વડે રિડક્શન*

(c) *ઈથેન આઇસોનાઈટ્રોઈલનું* $LiAlH_4$ *વડે રિડક્શન* (d) *ઈથેન નાઈટ્રાઈલનું* $LiAlH_4$ *વડે રિડક્શન*

**(180)** *ન્યુક્લિયોસાઇડ એટલે.........*

(a) *બેઇઝ* + *એસિડ* (b) *બેઇઝ* + *શર્કરા* (c) *બેઇઝ* + *ફોસ્ફેટ* (d) *બેઇઝ* + *લિપિડ*

**(181)** *નીચે આપેલ પ્રક્રિયામાં નીપજ* C *નીચેનામાંથી શોધો*

$$CH_3COOH \xrightarrow{LiAlH_4} A \xrightarrow{PCl_5} B \xrightarrow[KOH]{\text{આલ્કો}} C$$

(a) *ઈથિલીન* (b) *એસિટાઈલ ક્લોરાઈડ* (c) *એસિટાલ્ડિહાઇડ* (d) *એસિટિલીન*

**(182)** *નીચેનામાંથી કયા સંયોજનમાં આંત:આણ્વીય હાઈડ્રોજન બંધ હોય છે?*

(a) p–*નાઈટ્રોફિનોલ* (b) p–*ક્લોરોફિનોલ* (c) o–*નાઈટ્રોફિનોલ* (d) p–*બ્રોમોફિનોલ*

**(183)** *ઝિવટર આયનમાં ધનાયન અને ઋણાયન તરીકે ક્યા બે આયનો રહેલા છે?*

(a) –COOH *અને* $–NH_2$ (b) $\overset{+}{N}H_3$ *અને* $–COO^-$

(c) $–CONH_2$ *અને* –OH (d) $–CONH^+$ *અને* $OH^-$

**(184)** *યોગ્ય જોડી બનાવો.*

| *વિભાગ*–(I) | | *વિભાગ*–(II) | |
|---|---|---|---|
| (i) | *અયસ્ક* | (P) | CuS + FeS |
| (ii) | *ગેંગ* | (Q) | *ક્રોમિયમની અશુદ્ધિ* |
| (iii) | *સેફાયર* | (R) | *જેમાંથી સારા પ્રમાણમાં ધાતુ મેળવી શકાય છે તેવી કાચી ધાતુ* |
| (iv) | *માણેક* | (S) | *કેડમિયમની અશુદ્ધિ* |
| (v) | *મેટ્ટે* | (T) | *કાચી ધાતુમાં મુખ્ય ધાતુ સાથે ભૂમિય પદાર્થોની અશુદ્ધિ* |
| | | (U) | $Al_2O_3$ *નું અશુદ્ધ સ્વરૂપ* |

(a) (i) → R, (ii) → P, (iii) → S, (iv) → T, (v) → Q

(b) (i) → T, (ii) → R, (iii) → P, (iv) → Q, (v) → S

(c) (i) → T, (ii) → R, (iii) → S, (iv) → P, (v) → Q

(d) (i) → R, (ii) → T, (iii) → S, (iv) → Q, (v) → P

**(185)** *સમતલીય સમચોરસ* $[Pt (Cl) (py) (NH_3) (NH_2OH)]^+$ *માટે કેટલા ભૌમિતિક સમઘટકો અસ્તિત્વ ધરાવી શકે તે સંખ્યા નીચેનામાંથી શોધો. (*py = *પિરિડીન)* **[JEE–2015]**

(a) 2 (b) 3 (c) 4 (d) 6

**(186)** *નીચેનામાંથી કયો ઉદ્દીપક* PVC *ની બનાટવમાં વપરાય છે?*

(a) $H_2/Pd$ (b) $H_2SO_4/KOH$ (c) *ઝીગ્લર નાટા* (d) *તૃતીયક બ્યુટાઈલ પેરોક્સાઈડ*

**(187)** *નીચેનાંમાંથી સૌથી પ્રબળ બેઈઝ કયો છે?*

(a) $CH_3CH_2–NH_2$ (b) $CH_3–NH_2$ (c) $(CH_3)_2–NH$ (d) $C_3H_7–NH_2$

**(188)** *નીચે આપેલા સંયોજનોમાંથી ક્યું સંયોજન હવામાં ખુલ્લું રાખતા ફોસ્જીન બનાવે છે?*

(a) *મિથિલીન ક્લોરાઇડ* (b) *ક્લોરોફોર્મ* (c) *કાર્બન ટેટ્રાક્લોરાઇડ* (d) *ફ્રિઓન્સ*

**(189)** મિથેનોલમાં કયો બંધ σ–પ્રકારનો હોય છે?

(a) C – O (b) O – H (c) C – H (d) ઉપરોક્ત બધા જ

**(190)** $M^{3+}$ ધાતુ આયન સાથે ચાર એકદંતીય લિગેન્ડ $L_1$, $L_2$, $L_3$ અને $L_4$ ધરાવતો એક અષ્ટફલકીય સંકીર્ણ અનુક્રમે લાલ, લીલો, પીળો અને ભૂરો વિસ્તારમાં તરંગલંબાઈનું અવશોષણ કરે તો લિગેન્ડની પ્રબળતાનો ચડતો ક્રમ નીચેનામાંથી શોધો. **[JEE–2014]**

(a) $L_3 > L_2 > L_4 > L_1$ (b) $L_1 < L_2 < L_4 < L_3$ (c) $L_4 < L_3 < L_2 < L_1$ (d) $L_1 < L_3 < L_2 < L_4$

**(191)** ડાયઈથાઈલ ઈથરને કોની સાથે ઊંચા તાપમાને તપાવવાથી તેનું વિઘટન થાય છે? **[CPMT–1980, 1989]**

(a) પાણી (b) HI (c) $KMnO_4$ (d) HCl

